**સ્પે. ઈલેકટ્રીસીટી કેસ. નં.: ૨૦૩/૧૯**

**<u>આંક : ૧ નીચે હુકમ :</u>–**

૧ આ કામમાં જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન સાબરમતીના સેકન્ડ ગુના રજી. નં.૫૩૭/૧૬ થી આરોપી : ઉદાભાઈ પુંજાજી સોઢા નાઓ સામે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ : ૧૩૫(૧)(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરેલો.

૨ દરમીયાન આંક–ર મુજબની પુરસીસ નાય. ઈજનેર એમ. જી. વી. સી. એલ. નાઓએ પોલીસ સ્ટેશનને મોકલી આપેલ છે. જેમા વીજચોરીની રકમ, કમ્પાઉન્ડચાર્જ સહિત ભરાઈ ગયેલ છે તેવું જણાવેલ છે અને તેના આધારે જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારે ક્રી. પ્રો. કોડની કલમ : ૧૭૩ મુજબનો ફાઈનલ રીપોર્ટ ધી ઈન્ડીયન ઈલે. સીટી એકટ : ૨૦૦૩ ની કલમ : ૧૫૨ મુજબ આરોપી સામેનો ગુનો માંડવાળ કરવા હાલનો રીપોર્ટ મોકલી આપેલ છે.

૩ વીજ ચોરીની રકમ કમ્પાઉન્ડ ચાર્જ સાથે ભરાઈ ગયેલ છે ત્યારે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ : ૧૫૨ મુજબ આવા કેસો કમ્પાઉન્ડ થઈ શકે છે અને જયારે વીજ ચોરીની રકમ અને કમ્પાઉન્ડ ચાર્જ ભરાઈ ગયેલાનો રીપોર્ટ આંક : ૨ થી રજુ થયેલ છે, ત્યારે આરોપીને ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એકટની કલમ : ૧૫૨ ની જોગવાઈ મુજબ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો જોઈએ તેવું આ અદાલતનું સ્પષ્ટ માનવું છે. સબબ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>હુકમ</u>**

૧ આ કામના આરોપી ઉદાભાઈ પુંજાજી સોઢા સામેનો હાલનો હાલનો કેસ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ : ૧૫૨ મુજબ માંડવાળ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ : ૧૩૫(૧)(બી) ના ગુના સબબ નિર્દોષ જાહેર કરી છોડી મુકવામાં આવે છે.

૨ નોન–વેલ્યુએબલ મુદદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૯/૦૩/૨૦૧૯ ના રોજ ખુલ્લી લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૧૯
સ્થળ : અમદાવાદ
સ્ટેનો. એચ. એસ. ભરવાડ

(બી. બી. પટેલ)
કોડ : જીજે ૦૦૨૯૨
નવમા અધિક સેસન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર